રસ્તા, પુલો અને મકાનોની ગુણવત્તા ચકાસણી માટેના નિયતપત્રકોનો ઉપયોગ ઇન્સ્પેકશન નોંધ માટે કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્માંક: PRC-10-2017-31-C
તા.૨૬/૦૫/૨૦૧૭

## પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મકાનના કામો ઇજારદારશ્રી મારફત કરાવવામાં આવે છે. આ કામોની ગુણવત્તા ચકાસણી કરવાનું કામ ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ દ્વારા કરવામાં આવે છે. કામોની ચકાસણી માટે ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ હેઠળ ગુજરાત રાજયમાં કુલ-૬ (છ) કાર્યપાલક ઇજનેરશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કામોની ગુણવત્તા ચકાસણી કરી તેનો સ્થળસ્થિતિ મુજબનો ઇન્સપેકશન રીપોર્ટ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તૈયાર કરી જે તે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીને પૂર્તતા અર્થે સાદર કરવામાં આવે છે અને એની જાણ જે તે વિભાગના સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી અને મુખ્ય ઇજનેરશ્રીને કરવામાં આવે છે. ગુણવત્તા નિયમનના કાર્યપાલક ઇજનેરશ્રીઓ દ્વારા રજુ કરવામાં આવતા ઇન્સ્પેકશન રીપોર્ટની વિગતોમાં એકસરખા ફોર્મેટ વિભાગ દ્વારા નિયત કરેલ ન હોવાથી એકસૂત્રતા રહેતી નથી.

મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીમાં નકકી થયા મુજબ ઇન્સ્પેકશન રીપોર્ટમાં એકસૂત્રતા રહે અને પી.એમ.જી.એસ.વાય.માં "ગ્રેડ સિસ્ટમ" વાળો રીપોર્ટ સાદર કરવામાં આવે છે એ પધ્ધતિએ ઇન્સ્પેકશન રીપોર્ટનું ફોર્મેટ બનાવવા જણાવવામાં આવેલ હતું. માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મકાન માટેના ગુણવત્તા ચકાસણી કરવા માટેના ઇન્સ્પેકશન રીપોર્ટના ફોર્મેટ ગ્રેડ સિસ્ટમવાળા આ સાથે તૈયાર કરવામાં આવેલ છે. હવે પછી ગુણવત્તા વિભાગના મુખ્ય ઇજનેરશ્રી, અધિક્ષક ઇજનેરશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રી, સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી તથા જે કોઇ પણ અધિકારીશ્રી ગુણવત્તા ચકાસણીની કામગીરી કરે તેમણે આ ફોર્મેટનો ઇન્સ્પેકશન રીપોર્ટ માટે ઉપયોગ કરવાનો રહેશે.

કામની ચકાસણી કર્યા બાદ કામનો એકંદરે ગ્રેડ "S (Satisfactory), SRI (Satisfactory but require improvement) કે U (Unsatisfactory)" આપવાનો રહેશે.

(૧) જો ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ "S" મળશે તો એ કામ Satisfactory કક્ષાનું હોય કોઇ પૂર્તતા કરવાની રહેતી નથી.